પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૭૩ | ૨૩ મે, ૨૦૧૮, બુધવાર ; અ. જેઠ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### અફઘાનિસ્તાનમાં ૧૪ પોલીસ કર્મીઓના મોત

અફઘાનિસ્તાનના પૂર્વ ગજની પ્રાંતના કેટલાય જિલ્લાઓમાં તાલિબાન આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. જેમાં ઓછામાં ઓછા ૧૪ પોલીસ કર્મીઓના મૃત્યુ નીપજ્યા હતા.

### કોંગ્રેસે મધ્યપ્રદેશ ચૂંટણીની તૈયારીઓ આરંભી

કોંગ્રેસ પાર્ટીએ મધ્યપ્રદેશમાં યોજાનાર આગામી વિધાનસભા ચૂંટણી મામલે પોતાની રણનીતિમાં ફેરફાર કર્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ રાજ્ય સ્તરીય યુનિટમાં બદલાવ કર્યો છે અને દિગ્વિજયસિંહ અને જ્યોતિરાદિત્ય સિંધિયાને મોટી જવાબદારી સોંપી છે.

### દિલ્હીના આર્કબિશપ ફરી વિવાદમાં

દેશમાં ધર્માંધતા ઝડપથી વધી રહી છે તેવા આક્ષેપ સાથે દિલ્હીના આર્ક બિશપે બધા જ પાદરીઓને પત્ર લખતા વિવાદ સર્જાયો છે. આર્ક બિશપે ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી બાબતે પાદરીઓને પ્રાર્થના કરવાનું કહેતા ભાજપના સાંસદો ભડકી ઉઠ્યા છે.

### મહારાષ્ટ્રનું ચંદરપુર દેશનું ગરમ શહેર

આંધી-તોફાનનો તબક્કો પૂરો થયા બાદ ફરી એક વખત આકાશ સાફ થઈ ગયું છે અને સૂરજ તપવાનું ફરી શરુ થઈ ગયું છે. તાપમાનમાં વધારાથી આખું ઉત્તર ભારત ભીષણ ગરમીનો પ્રકોપ સહન કરી રહ્યું છે. મહારાષ્ટ્રનું ચંદરપુર ૪૮ ડિગ્રી તાપમાન સાથે દેશનું સૌથી ગરમ સ્થાન રહ્યું હતું.

# આજે કુમારસ્વામીની તાજપોશી

**વિપક્ષોનું શક્તિ પ્રદર્શન : સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી શપથવિધિમાં ઉપસ્થિત રહેશે : શપથવિધિને ભવ્ય બનાવવા માટે કોંગ્રેસ અને જેડીએસ દ્વારા ખાસ આયોજન અનેક બિન ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓને પણ અપાયેલુ આમંત્રણ**



બેંગ્લોર,તા. ૨૨

કર્ણાટકમાં જોરદાર નાટ્યાત્મક ઘટનાક્રમના દોર બાદ આવતીકાલે જેડીએસના કુમારસ્વામી મુખ્યપ્રધાન તરીકેના શપથ લેશે. શપથવિધીમાં હાજરી આપવા માટે યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી અને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પણ પહોંચી રહ્યા છે. આ ઉપરાંત બિન ભાજપ શાસિત રાજ્યોના કેટલાક મુખ્યપ્રધાન પહોંચે તેવી પણ શક્યતા રહેલી છે. બેંગલોરમાં શપથવિધી યોજાનાર છે. કર્ણાટકમાં લાંબી કાયદાકીય લડાઈ બાદ હવે જેડીએસ અને કોંગ્રેસની સરકાર બનવા જઈ રહી છે. કુમારસ્વામી મુખ્યપ્રધાન રહેશે. કોંગ્રેસ પાર્ટીના સભ્યો સરકારમાં સામેલ થશે. સરકારની રચનાને લઈને બેંગ્લોરમાં આજે મહત્વપૂર્ણ બેઠક થઈ હતી. બુધવારના દિવસે મુખ્યપ્રધાનપદના શપથ થશે. ત્યારબાદ સ્પીકરની ચૂંટણી યોજાશે. કુલ ૩૩ સભ્યોની સરકારમાં જેડીએસના મુખ્યપ્રધાન સહિત ૧૩ સભ્યો રહેશે. અને કોંગ્રેસના ૨૦ સભ્યોને પ્રધાનપદ અપાશે. કર્ણાટકના મુખ્યમંત્રી પદની શપથ લેતા પહેલા જેડીએસ નેતા એચડી કુમારસ્વામીએ

● અનુસંધાન પાન-૭ પર

## હજી કોંગ્રેસને ભાજપ ખેલ બગાડી શકે છે તેવી ચિંતા છે

**જેડીએસ અને કોંગ્રેસના ધારાસભ્યોને કેટલીક સૂચનાઓ**

બેંગ્લોર, તા. ૨૨

કર્ણાટકમાં બહુમત પરીક્ષણમાં અસફળ થયા બાદ ભાજપ હજુ પણ રાજ્યમાં સરકાર બનાવવાની યોજના ધરાવે છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ અને જેડીએસ ગઠબંધન ખુબ જ સાવચેતીપૂર્વક આગળ વધી રહ્યા છે. એચડી કુમારસ્વામી આવતીકાલે મુખ્યમંત્રી તરીકે શપથ લેનાર છે. ભાજપ વિપક્ષની છાવણીમાં કોમ્યુનિટી, લિંગાયત અને આદિવાસી કાર્ડ રમે છે જેથી તેમની રમતને બગાડી શકાય છે. કોંગ્રેસ અને જેડીએસને આ બાબતની દહેશત છે કે, તેઓ પોતાના ધારાસભ્યોને લાલચ આપીને ખેંચી શકે છે. એમ માનવામાં આવે છે કે, નવી સરકારની રચના બાદ પણ કર્ણાટકમાં જારી રહી શકે છે. ભાજપ વડા અમિત શાહનું માનવું છે કે, ભાજપ કોંગ્રેસને ફટકો આપી શકે છે. એમ માનવામાં આવે છે કે, કુમારસ્વામીની સરકારમાં કર્ણાટક કોંગ્રેસ વડા જી પરમેશ્વર ડેપ્યુટી મુખ્યમંત્રી બની શકે છે પરંતુ ભાજપ રાજ્યમાં લિંગાયતને નાયબ મુખ્યમંત્રી બનાવવાની રજૂઆત કરવામાં આવી રહી છે. કુમારસ્વામીની સરકારમાં કેટલીક દુવિધાઓ હજુ પણ પ્રવર્તી રહી છે. કોંગ્રેસમાં સૌથી વધારે લિંગાયત ધારાસભ્ય છે. ૧૬ ધારાસભ્ય લિંગાયત સમુદાયના છે. ૧૧ વોકાલિગા સમુદાયના છે. કુમારસ્વામી પોતે વોકાલિગા સમુદાયના છે. એમ માનવામાં આવે છે કે, કેબિનેટમાં મુસ્લિમોને પણ મોટું પ્રતિનિધિત્વ મળી શકે છે. કોંગ્રેસમાં સાત ધારાસભ્ય મુસ્લિમો હોવાનું જાણવા મળ્યું છે. ભાજપના એક વરિષ્ઠ નેતાનું કહેવું છે કે, યેદીયુરપ્પાના રાજીનામા બાદ પણ બાબત પુરી રીતે ખતમ થઈ નથી. કર્ણાટકમાં બાજી હવે શરૂ થઈ રહી છે. આ ખેલથી રાષ્ટ્રીય રાજનીતિમાં ફેરફાર થશે. કોંગ્રેસ પાર્ટી હજુ પણ સાવધાન થયેલી છે. કોંગ્રેસ હાઈકમાન્ડ માને છે કે, કર્ણાટક એવી જગ્યા છે જ્યાં શાહ અને તેમની ચાણક્ય પોલિટિક્સમાં દક્ષિણમાં ફટકો આપી શકાય છે.

# વિમાની યાત્રીઓ માટે 'અચ્છેદિન'

**રિફંડ-કેન્સલેશન નિયમો બદલાયા : વિમાની કંપનીઓની મનમાની ખતમ કરવા મોટા સુધારાઓ જાહેર : પેસેન્જર ચાર્ટર માટે ડ્રાફ્ટ જારી : કેબિનેટ મંજુરી બાદ અમલી થશે : ફ્લાઇટ બુકિંગ બાદ ૨૪ કલાકમાં લોગીન ઓપ્શનો : કેન્સલેશન પર કોઇ ચાર્જ નહીં**

નવીદિલ્હી,તા. ૨૨

કેન્દ્ર સરકારે વિમાની કંપનીઓની મનમાનીને ખતમ કરવા માટે એવિએશન સેક્ટરમાં મોટા સુધારાઓની આજે જાહેરાત કરી હતી. નાગરિક ઉડ્ડયન મંત્રી જયંત સિંહાએ આજે વિમાની યાત્રીઓ માટે શ્રેણીબદ્ધ ભેંટ સોગાદોની જાહેરાત કરી હતી. પેપરલેસ યાત્રા માટે બીજી યાત્રાની શરૂઆતની સાથે સાથે કેન્સલેશન ચાર્જ પર મોટી રાહત મળવા જઈ રહી છે. સરકારે પેસેન્જર ચાર્ટર માટે ડ્રાફ્ટ જારી કરી દીધો છે. કેબિનેટની મંજુરી મલી ગયા બાદ આને લાગૂ કરવામાં આવશે. ડ્રાફ્ટની જોગવાઈ અંગે માહિતી આપતા ઉડ્ડયન મંત્રી જયંત સિંહાએ કહ્યું હતું કે, ફલાઈટ બુકિંગ બાદ ૨૪ કલાકના

● અનુસંધાન પાન-૭ પર



## શ્રીદેવીના મોતમાં દાઉદનો હાથ હોઈ શકે : નિવૃત્ત એસીપી

**પૂર્વ પોલીસ અધિકારીનો ચોંકાવનારો ઘટસ્ફોટ : હોટલના રૂમ નજીક જઇને અભ્યાસ બાદ એક્સિડેન્ટલ બ્રાઉની થવાની બાબત કોઇ રીતે ગળે ઉતરતી નથી : વેદભૂષણ**

મુંબઈ,તા. ૨૨

બોલીવુડની સુપરસ્ટાર અભિનેત્રી શ્રીદેવીના મોતથી કરોડો ચાહકોની સાથે સાથે દેશના લોકો હચમચી ઉઠ્યા હતા. વારંવાર નવા નવા અહેવાલ મોતને લઈને આવી રહ્યા હતા. કોઈને પણ આ બાબત સમજાઈ રહી ન હતી કે, એકાએક આવું કેમ થયું અને એકાએક શ્રીદેવી સાથે કેમ થયું. આજે પણ લોકો શ્રીદેવીના મોતને લઈને વિશ્વાસ કરી શકતા નથી.

થોડાક દિવસ પહેલા જ વેદભૂષણ નામના પૂર્વ પોલીસ ઓફિસરે શ્રીદેવીના મોતને લઈને પ્રશ્નો ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે, આ દુર્ઘટના નહીં બલ્કે મર્ડરનો મામલો લાગે છે. અધિકારીએ આને એક કાવતરા તરીકે ગણાવીને આની ટીકા કરી હતી. હવે આ પોલીસ અધિકારીએ વધુ એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. આ અધિકારીનું કહેવું છે કે, શ્રીદેવીના મોતમાં અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમનો હાથ હોઈ શકે છે. કારણ કે દુબઈમાં હજુ પણ તેનો દબદબો રહેલો છે. દુબઈના પ્રિન્સની સાથે પણ તેના સારા સંબંધો છે. પોતાની શંકાને દૂર કરવા માટે આ પોલીસ અધિકારીએ એક રાત માટે પોતાની પ્રાઈવેટ તપાસ એજન્સીની સાથે જુમેરા એમિરેટ્સ હોટલ ટાવરમાં રોકાયા હતા. આ હોટલ પણ દાઉદની જ છે. વેદભૂષણ હવે તપાસ માટે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવા માટે વિચારી રહ્યા છે. મોતના રહસ્યને જાણવા માટે પ્રયાસ થઈ રહ્યા છે.

# પેટ્રોલ-ડીઝલના ભાવમાં ભડકો

**પેટ્રોલની કિંમત લીટરદીઠ ૯૦ સુધી પહોંચી શકે : સરકાર દ્વારા તમામ વિકલ્પ પર વિચારણા છતાં અનેક મજબૂરી : આંતરરાષ્ટ્રીય ક્રૂડની કિંમત ટૂંકમાં જ બેરલદીઠ ૮૫ ડોલર સુધી પહોંચી શકે છે : પેટ્રોલિયમ કંપનીઓ અને મોદી સરકારની મુશ્કેલીઓમાં થયેલો વધારો**




નવીદિલ્હી, તા. ૨૨

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં રિકોર્ડ વધારો થઈ રહ્યો છે જેથી લોકોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. લોકોની વધતી નારાજગી વચ્ચે પેટ્રોલની કિંમત હજુ પણ વધી શકે છે. રિટેલ કિંમતો લીટરદીઠ ૮૫થી ૯૦ સુધી પહોંચી શકે છે. સરકાર પાસે પણ હવે વધારે વિકલ્પ રહ્યા નથી. ખુબ ઓછા વિકલ્પ હોવાથી સરકારને આ વિકલ્પો ઉપર ઝડપથી કામ કરવું પડશે. એક્સાઈઝ ડ્યુટીમાં કાપ મુકવા ઉપરાંત પેટ્રોલ અને ડિઝલ ઉપર વેલ્યુએડેડ ટેક્સમાં ઘટાડો કરવાની તૈયારી પણ કરી લેવામાં આવી છે. જો ટેક્સને યથાવત રાખવામાં આવશે તો મુંબઈમાં ભાવ પ્રતિ લીટર ૯૦ સુધી પહોંચી જશે. ક્રુડ ઓઈલના ભાવ બેરલદીઢ ૮૫ સુધી પહોંચી શકે છે.

પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને ગઈકાલે સોમવારે કહ્યુ હતુ કે પેટ્રોલ અને ડિઝલની કિંમતોમાં જોરદાર ભડકો થઈ રહ્યો છે. આને લઈને સરકાર ગંભીર બનેલી છે. સરકાર પેટ્રોલ-ડિઝલની કિંમતોમાં ભાવ વધારને અંકુશમાં લેવા માટે બનતા તમામ પ્રયાસ કરી રહી છે. કયા પગલાં લેવા જોઈએ તે દિશામાં પણ વિચારી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે નવી દિલ્હી અને ફાઈનાન્સિયલ હબ ગણાતા મુંબઈમાં પેટ્રોલ અને ડિઝલની કિંમત રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચી ગઈ છે. છુટક કિંમતો રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચતા લોકો

● અનુસંધાન પાન-૭ પર

# તમિળનાડુમાં કોપર પ્લાન્ટના વિરોધમાં હિંસા

**હિંસાના બનાવોમાં ૧૨ના મોત : લાઠીચાર્જ કરવા, ટીયરગેસના સેલ છોડવા ફરજ : અનેક વાહનોને આગ ચાંપી દેવામાં આવી : કલમ ૧૪૪ લાગૂ કરાઈ : સુરક્ષા કર્મી સાથે સંઘર્ષ**

તુતીકોરિન,તા. ૨૨

તમિળનાડુના તુતીકોરિનમાં વેદાંતા સ્ટરલાઈટ કોપર યુનિટની સામે ચાલી રહેલા પ્રદર્શને આજે હિંસક વળાંક લઈ લીધો હતો. આ પ્રદર્શનમાં હજુ સુધી ૧૨થી વધુ લોકોના મોત થઈ ગયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. સ્ટરલાઈટથી થનાર પ્રદૂષણને શહેરમાં વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. લોકોના વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં લઈને પોલીસે ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. મંગળવારના દિવસે યુનિટના વિરોધમાં પ્રદર્શન કરી રહેલી ભીડ



ધ્યાનમાં લઈને સ્થાનિક લોકો છેલ્લા ઘણા મહિનાથી સ્ટરલાઈટ કોપર યુનિટનો વિરોધ કરી રહ્યા હતા. ઘટનામાં માર્યા ગયેલા ઉપરાંત અનેક લોકો ઘાયલ થયા છે. સમગ્ર સીઆરપીસીની કલમ ૧૪૪ લાગૂ કરીને સ્થિતિને કાબૂમાં લેવાના પ્રયાસો કર્યા છે. નોંધનીય છે કે, મદ્રાસ હાઈકોર્ટના આદેશ મુજબ સ્ટરલાઈટ કોપર યુનિટને સુરક્ષા અચાનક ઉગ્ર બની ગઈ હતી અને સુરક્ષા કર્મીઓ સાથે મારામારી કરવામાં આવી હતી. લોકોએ પોલીસના અનેક વાહનોને પણ ટાર્ગેટ બનાવ્યા હતા.

## પાક.નું નાપાક ફાયરિંગ યથાવત્

શ્રીનગર,તા.૨૨

પાછળના ઘણા દિવસોથી બોર્ડર પર સીઝફાયરનો ઉલ્લંઘન કરી રહેલા પાકિસ્તાન હાલમાં પણ પોતાની હરકતોમાં કોઈ સુધાર કરી શકી નથી. સોમવાર મોડી રાતે પાકિસ્તાને જમ્મૂ-કાશ્મીરના અરનિયા અને આરએસપુરા સેક્ટરમાં ફાયરિંગ કરી હતી. પાકિસ્તાન તરફથી આખી રાત મોર્ટારથી હુમલો કરવામાં આવ્યો. તમને જણાવી દઈએ કે રવિવારથી જ પાકિસ્તાન ફાયરિંગ કરી રહી છે.

તમને જણાવી દઈએ કે રવિવારના દિવસે પાકિસ્તાને પ્રથમ દયાની ભીખ માંગી હતી અને BSFને બોર્ડર પર ફાયરિંગ બંધ કરવાની માંગણી

**આઠ માસના બાળકના મોતથી ખળભળાટ**

● અનુસંધાન પાન-૭ પર

FACULTY AVAILABLE
• COREL DRAW
• PHOTOSHOP
M. 8780394465

ફ્લેટ ભાડે આપવાનો છે
2 BHK ફુલ્લી ફર્નિશ્ડ
સૌંદર્ય-૪૪૪
Bank / Co. Family/બેચલરને
The Space 93287 01440
93288 01440

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

